# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૧/ક્વા-૩/૧૯-૨૦/૨૯૨–૭** **તા.૧૫–૦૧–૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૧/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **બારમેડા દીપ નરેન્દ્ર** ગામ: **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર દીપ નરેન્દ્ર બારમેડા અને નરેન્દ્ર એચ. બારમેડા હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **પી.જે.મેહતા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૭-૦૧-૨૦૨૦ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર બારમેડા દીપ નરેન્દ્ર ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૩૧/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે**, અરજદારે ગ્રાહક નં–૮૮૬૦૩/૦૪૦૨૨/૨ થી વીજજોડાણ ધરાવે છે. જેનુ માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૧૯ નુ વીજબીલ ખૂબજ વધુ આવેલ હોય – જે અન્વયે અરજી કરતા મીટર બદલી અપાયેલ છે. જેના લેબોરેટરી રીપોર્ટ મુજબ કોઈ ક્ષતિ આવેલ નથી. તેમજ બીલ ના રીડીંગમાં ભુલ થયેલ હોય – જે ભુલના કારણોસર – અગાઉ ના તમામ વીજબીલ કરતા છેલ્લુ બીલ વધુ આવેલ હોય – જે મુજબ વીજવપરાશ પણ નથી. જેથી, અરજદારે જયારથી વીજબીલ રીડીંગમાં ભુલ છે, તે મુજબ બીલ નિયમાધીન માફ કરવા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- નાનામવા સબડીવીઝનમાં ગ્રાહક નં - ૮૮૬૦૩૦૪૦૨૨૨ થી રોટો સ્ક્રીનટેક પ્રા.લી. નામથી વીજ જોડાણ માં વીજ બીલ વધુ આવવા બાબત ફરિયાદ કરેલ છે. ગ્રાહક શ્રી ને માહે સપ્ટે-ઓકટો-૧૯ માં ૧૩૧૨ યુનિટ નું બીલ આપવામાં આવેલ જે મુજબ છેલ્લા રીડીંગ-૧૦૭૪૦ આવેલ અને રૂ.૧૦૨૪૦.૨૫ રૂ. નું વીજ બીલ બનવા પામેલ. ત્યાર બાદ તા.૨૫.૧૧.૧૯ ના રોજ થયેલ લેબોરેટરી રીપોર્ટ મુજબ છેલ્લા રીડીંગ ૧૦૮૨૭ માલુમ પડેલ છે.

આમ, ગ્રાહક શ્રી દ્વારા જે સ્થળ પર વપરાશ કરવામાં આવેલ છે તે મુજબ જ વીજ બીલ આપવા માં આવેલ છે તેમજ લેબોરેટરી માં પણ કોઈ પણ જાત ની ખામી જણાયેલ નથી તેમજ ગ્રાહક ને મીટર રીડર દ્વારા જે બીલો આપવામાં આવેલ છે તે બાબત ની વધુ જાણકારી માટે બિલિંગ એજન્સી ને પણ સદર બાબતે લેખિત માં જાણ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર નાનામવા સબડીવીઝનમાં ગ્રાહક નં - ૮૮૬૦૩૦૪૦૨૨૨ થી રોટો સ્ક્રીનટેક પ્રા.લી. નામથી આરજીપીયુ ટેરીફ હેઠળ વીજજોડાણ ધરાવે છે. અરજદારનુ વીજબીલ માહે સપ્ટેમ્બર–ઓકટોબર– ૧૯ મા ૧૩૧૨ યુનીટ નુ વધુ આવતા – અરજદારની અરજી અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – મીટર રીપ્લેસમેન્ટ શીટ નં.– આરસીસી૭૫૪૭૪૬ તા.૦૧–૧૧–૧૯ ના રોજ મીટર અરજદારના પ્રતિનીધી ની હાજરીમાં બદલાવેલ– જેની વિગત નીચે મુજબ છે.

| Particulars | Old Meter Dt.01.11.19 | New Meter Dt.01.11.19 | Old Meter-As per MTLab Dt.25.11.19 |
|---|---|---|---|
| Make | HPL | LINK WELL | HPL |
| Meter No | 1827889 | 4412688 | 1827889 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 10827 | 00000 | 10827 |

સદર મીટર – મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદાર ના પ્રતિનીધી ની હાજરીમાં તા.૨૫–૧૧–૧૯ ના રોજ ચકાસણી કરવામા આવેલ હતી. જેના રીપોર્ટ મુજબ – મીટરનો એકયુચેક યોગ્ય જણાયેલ છે અને મીટર મા કોઈ ક્ષતિ જણાયેલ નથી. સદર મીટરનો એમ.આર.આઈ. અહેવાલ લીધેલ છે.

૪.૨ અરજદાર ના વીજજોડાણ ગ્રાહક નં–૮૮૬૦૩/૦૪૦૨૨/૨ પી.આર.ટી.–૧૪૫ મુજબ – વીજવપરાશ ની વિગત નીચે પ્રમાણે છે.

| BILING PERIOD | CURR RDG | PAST-RDG | CONSMPTN | BILL-DATE |
|---|---|---|---|---|
| JAN,FEB,16 BIL MAR,16 | 2887 | 2705 | 182 | 27-02-16 |
| MAR,APR,16 BIL MAY,16 | 3221 | 2887 | 334 | 29-04-16 |
| MAY,JUN,16 BIL JUL,16 | 3548 | 3221 | 327 | 27-06-16 |
| JUL,AUG,16 BIL SEP,16 | 3807 | 3548 | 259 | 29-08-16 |
| SEP,OCT,16 BIL NOV,16 | 4090 | 3807 | 283 | 26-10-16 |
| NOV,DEC,16 BIL JAN,17 | 4307 | 4090 | 217 | 23-12-16 |
| JAN,FEB,17 BIL MAR,17 | 4475 | 4307 | 168 | 22-02-17 |
| MAR,APR,17 BIL MAY,17 | 4930 | 4475 | 455 | 26-04-17 |
| MAY,JUN,17 BIL JUL,17 | 5506 | 4930 | 576 | 28-06-17 |

| | | | | |
|---|---|---|---|---|
| JUL,AUG,17 BIL SEP,17 | 5905 | 5506 | 399 | 11-09-17 |
| SEP,OCT,17 BIL NOV,17 | 6332 | 5905 | 427 | 17-11-17 |
| NOV,DEC,17 BIL JAN,18 | 6450 | 6332 | 118 | 23-12-17 |
| JAN,FEB,18 BIL MAR,18 | 6612 | 6450 | 162 | 25-02-18 |
| MAR,APR,18 BIL MAY,18 | 6930 | 6612 | 318 | 28-04-18 |
| MAY,JUN,18 BIL JUL,18 | 7371 | 6930 | 441 | 25-06-18 |
| JUL,AUG,18 BIL SEP,18 | 7683 | 7371 | 312 | 27-08-18 |
| SEP,OCT,18 BIL NOV,18 | 8323 | 7683 | 640 | 15-11-18 |
| NOV,DEC,18 BIL JAN,19 | 8506 | 8323 | 183 | 31-12-18 |
| JAN,FEB,19 BIL MAR,19 | 8652 | 8506 | 146 | 28-02-19 |
| MAR,APR,19 BIL MAY,19 | 8978 | 8652 | 326 | 25-04-19 |
| MAY,JUN,19 BIL JUL,19 | 9172 | 8978 | 194 | 29-06-19 |
| JUL,AUG,19 BIL SEP,19 | 9428 | 9172 | 256 | 03-09-19 |
| SEP,OCT,19 BIL NOV,19 | 10740 | 9428 | 1312 | 26-10-19 |

૪.૩ અરજદારના સવાલવાળા મીટર ના એમ.આર.આઈ. અહેવાલ અને **અપાયેલ** વીજબીલ મુજબ – **કરાયેલ** વીજવપરાશી યુનીટ ની સરખામણી નીચે પ્રમાણે છે.

| AS PER BILLING CYCLE | | | AS PER MRI | | Difference Between Nr. Date of Bill & MRI |
|---|---|---|---|---|---|
| BILLING DATE | CURRENT READING | Bill Unit | DATE | CURRENT READING | |
| 15-11-18 | 8323 | 640 | 30-11-18 | 8420.5 | |
| 31-12-18 | 8506 | 183 | 31-12-18 | 8508.4 | 2.4 |
| | | | 31-01-19 | 8582.4 | |
| 28-02-19 | 8652 | 146 | 28-02-19 | 8657.9 | 5.9 |
| | | | 31-03-19 | 8799 | |
| 25-04-19 | 8978 | 326 | 30-04-19 | 9056.9 | 78.9 |
| | | | 31-05-19 | 9411.4 | |
| 29-06-19 | 9172 | 194 | 30-06-19 | 9797.5 | 625.5 |
| | | | 31-07-19 | 10094.2 | |
| 03-09-19 | 9428 | 256 | 31-08-19 | 10285.4 | 857.4 |
| | | | 30-09-19 | 10508.9 | |
| 26-10-19 | 10740 | | 31-10-19 | 10782.9 | 42.9 |
| | | | 25-11-19 | 10827.2 | |

૪.૪ સદર કેઈસ મા, એમ.આર.આઈ. અહેવાલ મુજબ– છેલ્લા ૧૨ માસીક ડેટા અને મીટર રીડર દ્વારા અપાયેલ વીજબીલ મુજબ નોંધાયેલ યુનીટનો અભ્યાસ કરતા – મીટર રીડર દ્વારા તા.૨૫–૦૪–૧૯ થી ખોટા વીજબીલો અપાયેલ છે – તેવુ સ્પષ્ટ ફલીત થાય છે. જેથી, સદર કેઈસ મા, તા.૨૫–૦૪–૧૯ થી મીટર બદલાવ્યા તારીખ : ૦૧–૧૧–૧૯ સુધીમા પડતર રહેલા ૧૩૧૨ યુનીટ ને અપાયેલ દ્રીમાસીક વીજબીલોમાં સમાન ભાગે વિભાજીત કરીને – જે તે સમયના લાગુ પડતા ટેરીફ મુજબ રીવાઇજ બીલ બનાવવુ. તેમજ તે અન્વયે નુ સુવ્યવસ્થિત ગણતરીપત્રક અરજદાર ને અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ માં લેખીત પત્ર દ્વારા અરજદાર ને મોકલાવવા સામેવાળા ને સુચના આપવામા આવે છે. જે બીલ અરજદારે ભરપાઈ કરવાનુ રહેશે.

૪.૫ સદર પ્રકારની ભુલ નુ પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય, તે માટે યોગ્ય તકેદારી ના પગલા લેવા માટે સામેવાળા ને સુચના આપવામા આવે છે. સદર કેઈસ મા, આ પ્રકારની મીટર રીડીંગની બેદરકારી માટે જવાબદાર કર્મચારી / અધિકારી વિરૂધ્ધ શિસ્તભંગ ની તેમજ મીટર રીડીંગ એજન્સીને નોટીસ આપવાની તથા પેનલ્ટીની કાર્યવાહી કરવાની પીજીવીસીએલ ને સુચના આપવામા આવે છે.

૪.૬ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૫ અને ૪.૬ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૭ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯